Q9A2B7

9 भाषासज्जता

સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે કેટલીક સમજ વિકસાવવા અહીં પ્રયાસ કરીએ :

प्रवृत्ति 1. બંને હોઠ એકબીજાને અડે નહિ તે રીતે આપેલ શબ્દોનું વાચન કરો.

मनोजः, पठति, भारतम्, फलम्, बभूव

प्रवृत्ति 2. જીભ દાંતને અડે નહિ તે રીતે નીચે આપેલા શબ્દોનું વાચન કરો :

तत्परः, ददाति, धनम्, पन्थाः

શબ્દોનું વાચન કરી શકાયું ? નહિ ને ? શા માટે ? વિચારો. ચર્ચા કરો. કારણો શોધીને નોંધપોથીમાં લખો. તેની ચર્ચા કરો અને તેના આધારે અહીં આપેલ કોષ્ટક સમજવા પ્રયાસ કરો :

स्थान	**स्वर**			**व्यंजन**							
	घोष			**अघोष**		**घोष**				**अघोष**	**घोष**
	ह्रस्व	**दीर्घ**	**संधि दीर्घ**							**ઉષ્માક્ષર**	**ઉષ્માક્ષર**
कंठ्य	अ	आ	ए–	क्	ख्	ग्	घ्	ङ्	अंतस्थ		ह्
तालव्य	इ	ई	ऐ **कंठ्य तालव्य**	च्	छ्	ज्	झ्	ञ्	य्	श्	
मूर्धा	ऋ	ॠ		ट्	ठ्	ड्	ढ्	ण्	र्	ष्	
दंत्य	ऌ			त्	थ्	द्	ध्	न्	ल्	स्	
			कंठ्य ओष्ठ्य						व् **दंत्योष्ठ्य**		
ओष्ठ्य	उ	ऊ	ओ औ	प्	फ्	ब्	भ्	म्			

તમારા ધ્યાનમાં આવશે કે, ચોક્કસ વર્ણોનું ઉચ્ચારણ કરવા મુખના આંતરિક અવયવોનો ઉપયોગ થાય છે. દરેક વર્ણના ઉચ્ચારણસ્થાન અલગ અલગ છે. આ ઉચ્ચારણ સ્થાનો, સ્વરો, વ્યંજનો વગેરે આ કોઠામાં આપવામાં આવેલ છે. આ કોઠાનો અભ્યાસ કરતાં જણાશે કે કયા મૂળાક્ષરોનું ઉચ્ચારણ કરવા મુખના મુખ્ય કયા અવયવની જરૂર પડે છે.

આ કોષ્ટકનો અભ્યાસ કરતાં ધ્યાનમાં આવે છે કે તેમાં 33 જેટલા વ્યંજનો અને 13 જેટલા સ્વરોનો સમાવેશ થયેલો છે. સંસ્કૃત ભાષામાં આ ઉપરાંતના સ્વરો અને વ્યંજનો સમાવિષ્ટ હતા. પરંતુ પ્રશિષ્ટ સંસ્કૃત ભાષામાં અહીં દર્શાવેલ વર્ણોનો વિશેષ ઉપયોગ થાય છે.

પ્રવૃત્તિ

ઉપરોક્ત કોષ્ટકના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) કંઠ્ય ઉચ્ચારણસ્થાનવાળા મૂળાક્ષરો લખો, તેના સ્વરો અને વ્યંજનો જુદા પાડો.

(2) તાલવ્ય ઉચ્ચારણસ્થાનવાળા મૂળાક્ષરો લખો, તેના સ્વરો અને વ્યંજનો જુદા પાડો.

(3) મૂર્ધન્ય ઉચ્ચારણસ્થાનવાળા મૂળાક્ષરો લખો, તેના સ્વરો અને વ્યંજનો જુદા પાડો.

स्वाध्यायः

D5G3X4

1. નીચે આપેલા શબ્દોને સુવાચ્ય અક્ષરે લખો :

भद्रम्, नृपः, उत्तुङ्गः, भविष्यति, चञ्चलः, शङ्करः ।

2. નીચેના વર્ણોનાં ઉચ્ચારણ-સ્થાન લખો :

क्, ख्, ग्, घ्

प्, फ्, ब्, भ्

ट्, ठ्, ड्, ढ्

વાક્યરચના :

- राकेशः क्रीडति ।
- विपुलः पुस्तकेन पाठयति ।
- मम माता गायति ।
- दया फलं ददाति ।

ઉપરોક્ત વાક્યોને ધ્યાનપૂર્વક વાંચો. કોઈ પણ વાક્યમાં નામ તથા ક્રિયાપદ ઘણાં મહત્ત્વનાં પદો છે. વાક્યના અર્થનો આધાર આ બે પદો ઉપર રહેલો છે.

વાક્યમાં નામપદ ક્રિયાપદની સાથે વિવિધ સંબંધોથી જોડાય છે. આ પ્રકારનો સંબંધ જોડવાનું કામ વિભક્તિઓ કરે છે. આ રીતે જોતાં વિભક્તિઓ જુદાં જુદાં પદોને જોડતી કડીઓ છે.

નામપદો ક્રિયાપદ સાથે છ પ્રકારના સંબંધોથી છ વિભક્તિઓ દ્વારા જોડાય છે. આ ઉપરાંત કોઈકને બોલાવવા કે સંબોધન કરવા સંબોધન વિભક્તિનો ઉપયોગ થાય છે. ષષ્ઠી વિભક્તિ એટલે કે સંબંધક વિભક્તિ એવી છે કે જે એક નામપદનો બીજા નામપદ સાથે સંબંધ જોડે છે.

વિભક્તિ-પરિચય :

વિભક્તિનું નામ		શું દર્શાવે છે	ઉદાહરણ
प्रथमा	કર્તા	ક્રિયાનો કરનાર, કર્તા	गजः - હાથી
द्वितीया	કર્મ	ક્રિયાનું કર્મ	गजम् - હાથીને
तृतीया	કરણ	ક્રિયાનું સાધન	गजेन - હાથી વડે
चतुर्थी	સંપ્રદાન	ક્રિયા જેના માટે થઈ હોય તે	गजाय - હાથી માટે
पञ्चमी	અપાદાન	જે સ્થાનેથી છૂટું પડવું તે	गजात् - હાથીમાંથી
षष्ठी	સંબંધક	નામનો જેની સાથે સંબંધ હોય તે	गजस्य - હાથીનો, હાથીના, હાથીની, હાથીનું
सप्तमी	અધિકરણ	જેના આધારે ક્રિયા થતી હોય	गजे - હાથીમાં, હાથી ઉપર
सम्बोधन	સંબોધન	વાત કરવાની હોય તે વ્યક્તિને	हे गज - હે હાથી

ઉપરોક્ત વિભક્તિ કોષ્ટકના અભ્યાસ પરથી સંસ્કૃત વાક્યો સરળતાથી સમજી શકાય છે. ઉપરોક્ત કોષ્ટકની મદદથી જુદી જુદી વિભક્તિનો ઉપયોગ થતો હોય તેવાં વાક્યો પાઠ્યપુસ્તકમાંથી શોધી નોંધ કરો.

रामः, बालः, नृपः, शाला, बाला, माला, वनम्, पुस्तकम्, धनम् ।

ઉપરોક્ત નામોને પુલ્લિંગ, સ્ત્રીલિંગ તથા નપુંસકલિંગ નામમાં વિભાજિત કરો. સંસ્કૃત ભાષામાં કેટલાંક નામોને અંતે સ્વર હોય છે. આથી આવાં નામોને સ્વરાન્ત નામ અને અંતે વ્યંજનવાળાં નામોને વ્યંજનાન્ત નામ કહેવાય છે. દા.ત., વન, બાલા, શાલા વગેરે સ્વરાન્ત નામો છે. જ્યારે ભગવત્, વાક્, મરુત્ વગેરે વ્યંજનાન્ત નામો છે.

સંસ્કૃત ભાષામાં દરેક નામની વિભક્તિ એકવચન, દ્વિવચન અને બહુવચનમાં થાય છે. નીચેનાં ઉદાહરણો જુઓ. વ્યવહાર-ભાષામાં જે રૂપોનો મોટાભાગે ઉપયોગ થાય છે તે ઘાટા અક્ષરોમાં છે, તે ધ્યાનમાં રાખો.

अ-કારાન્ત પુલ્લિંગ राम

વિભક્તિ	એકવચન	દ્વિવચન	બહુવચન
प्रथमा	**रामः**	रामौ	**रामाः**
द्वितीया	**रामम्**	रामौ	**रामान्**
तृतीया	रामेण	रामाभ्याम्	रामैः
चतुर्थी	रामाय	रामाभ्याम्	रामेभ्यः
पञ्चमी	रामात्	रामाभ्याम्	रामेभ्यः
षष्ठी	**रामस्य**	रामयोः	**रामाणाम्**
सप्तमी	रामे	रामयोः	रामेषु
सम्बोधन	हे राम	हे रामौ	हे रामाः

राम - અ-કારાન્ત પુલ્લિંગ નામ છે. એનાં રૂપોની જેમ बाल, नृप, मकरનાં રૂપો બનાવો.

आकारान्त स्त्रीलिंग बाला

વિભક્તિ	એકવચન	દ્વિવચન	બહુવચન
प्रथमा	**बाला**	बाले	**बालाः**
द्वितीया	**बालाम्**	बाले	**बालाः**
तृतीया	बालया	बालाभ्याम्	बालाभिः
चतुर्थी	बालायै	बालाभ्याम्	बालाभ्यः
पञ्चमी	बालायाः	बालाभ्याम्	बालाभ्यः
षष्ठी	**बालायाः**	बालयोः	**बालानाम्**
सप्तमी	बालायाम्	बालयोः	बालासु
सम्बोधन	हे बाले	हे बाले	हे बालाः

આ જ પ્રમાણે शाला, माला, सीताનાં રૂપો 'बाला'ની જેમ બનાવો.

अकारान्त नपुंसकलिंग वन

વિભક્તિ	એકવચન	દ્વિવચન	બહુવચન
प्रथमा	**वनम्**	वने	**वनानि**
द्वितीया	**वनम्**	वने	**वनानि**
सम्बोधन	हे वन	हे वने	हे वनानि

બાકીની વિભક્તિનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે જ થાય છે.

આ જ પ્રમાણે પુસ્તક, ફલ તથા પત્રનાં રૂપો વનનાં રૂપોની જેમ બનાવો.

ઉપર્યુક્ત રૂપો યાદ રાખી તદનુસાર અન્ય નામપદોનાં રૂપો તૈયાર કરવામાં આવે, તો સંસ્કૃત ભાષાનો વ્યાવહારિક ઉપયોગ કરવામાં સરળતા રહેશે. તમે પણ આવાં નામપદોનો ઉપયોગ કરી સંસ્કૃત ભાષાનો સરળતાથી ઉપયોગ કરો.

કેટલીક વખત સંસ્કૃતમાં सः, सा, ते, अहम्, मम, तव જેવાં રૂપો જોવા મળે છે. શું તમે આ રૂપોને ઓળખો છો ? આવાં રૂપો જ્યાં જ્યાં વપરાયાં હોય તે વાક્યો શોધી અલગથી નોંધ કરો.

દા.ત., सः क्रीडति। अहं खादामि । વગેરે.

નામને બદલે જે રૂપ મૂકવામાં આવે તેને સર્વનામ કહેવામાં આવે છે. જેમાં अस्मद्, युष्मद्, कः, एषः, एषा વગેરેનો સમાવેશ થાય છે.

સર્વનામનાં અમુક વિભક્તિનાં રૂપો આ પ્રમાણે થાય છે.

अस्मद् - હું

વિભક્તિ	એકવચન	દ્વિવચન	બહુવચન
प्रथमा	अहम्	आवाम्	वयम्
द्वितीया	माम्	आवाम्	अस्मान्
षष्ठी	मम	आवयोः	अस्माकम्

युष्मद् - તું

વિભક્તિ	એકવચન	દ્વિવચન	બહુવચન
प्रथमा	त्वम्	युवाम्	यूयम्
द्वितीया	त्वाम्	युवाम्	युष्मान्
षष्ठी	तव	युवयोः	युष्माकम्

अहं जानामि । **तव** गृहं सुन्दरम् अस्ति ।

माला **मम** सखी अस्ति । **अहं त्वां** पश्यामि ।

ઉપરોક્ત ઘાટા અક્ષરવાળા શબ્દો સર્વનામનો પરિચય આપે છે. પાઠમાંથી આવાં સર્વનામોવાળાં વાક્યો મેળવી સમજો.

વિભક્તિના પ્રયોગો માટેના શ્લોકો ધ્યાનથી વાંચો.

(1) रामो राजमणिः सदा विजयते रामं रमेशं भजे

रामेणाभिहता निशाचरचमू रामाय तस्मै नमः ।

रामान्नास्ति परायणं परतरं रामस्य दासोऽस्म्यहं ।

रामे चित्तलयः सदा भवतु मे भो राम मामुद्धर ।।

અહીં रामः **પ્રથમા (કર્તા) વિભક્તિમાં છે.**

रामम् **(રામને) દ્વિતીયા,** रामेण **(રામ વડે) તૃતીયા**

रामाय **(રામ માટે) ચતુર્થી.** नमः **સાથે હમેશાં ચતુર્થી વિભક્તિ પ્રયોજાય છે.**

रामात् **(રામ પાસેથી, રામથી, રામ કરતાં) પંચમી,** रामस्य **(રામનો) ષષ્ઠી વિભક્તિ તથા**

रामे **(રામ ઉપર) સપ્તમી વિભક્તિનો પ્રયોગ થયેલો છે.**

भो राम **(હે રામ) સંબોધન કરેલ છે.**

આમ ઉપરોક્ત શ્લોકને ધ્યાનપૂર્વક વાંચવાથી વિવિધ વિભક્તિનાં રૂપોનો પરિચય મળે છે.

હવે નીચે આપેલા શ્લોકોનો અભ્યાસ કરો :

(પ્રથમા) (1) अहल्या द्रौपदी सीता तारा मन्दोदरी तथा ।
पञ्चकं ना स्मरेत् नित्यं महापातकनाशनम् ।।

(દ્વિતીયા) (2) गङ्गा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं च दैन्यं च हन्ति साधुसमागमः ।।

(षष्ठी) (3) हस्तस्य भूषणं दानं सत्यं कण्ठस्य भूषणम् ।
श्रोत्रस्य भूषणं शास्त्रं भूषणैः किं प्रयोजनम् ॥

(सप्तमी) (4) मुण्डे मुण्डे मतिर्भिन्ना कुण्डे कुण्डे नवं जलम् ।
देशे देशे नवाचाराः नवा वाणी मुखे मुखे ।।

(सम्बोधनम्) (5) गङ्गे च यमुने चैव गोदावरि सरस्वति ।
नर्मदे सिन्धु कावेरि प्रसन्ना भव सर्वदा ॥

વિભક્તિઓ વ્યવહારમાં ઉપયોગમાં લેવાથી સરળતાથી યાદ રહે છે. શ્લોકોના માધ્યમથી તથા વાચન અને વાતચીતના માધ્યમથી વિભક્તિ અંગેની સમજ સરળ બને છે.

નીચે આપેલાં વાક્યોમાંથી નામપદ અને ક્રિયાપદ શોધો :

(1) मन्त्री गच्छति । _____

(2) बालकः खादति । _____

(3) शिशुः खेलति । _____

(4) हंसः तरति । _____

(5) गजः चलति । _____

ઉપરનાં ટૂંકાં વાક્યોમાં માત્ર બે જ પદ જોવા મળે છે. જેમાં मन्त्री, बालकः, शिशुः, हंसः **અને** गजः **નામપદ છે અને** गच्छति, खादति, खेलति, तरति, चलति **ક્રિયાપદ છે.**

ક્રિયાપદ :

જે પદ ક્રિયા થતી દર્શાવે તેને ક્રિયાપદ કહે છે.

ચાલો, હવે નીચેનાં વાક્યોમાંથી ક્રિયાપદ શોધો અને તેનો અર્થ કહો :

(1) अहं नमामि ।

(2) त्वं नमसि ।

(3) नृपः नमति ।

ઉપરનાં વાક્યોમાં ત્રણેય ક્રિયાપદો નમવાની એકસરખી ક્રિયા દર્શાવે છે. પહેલા વાક્યમાં ક્રિયાનો કર્તા 'अहम्' એ પહેલો પુરુષ છે. બીજા વાક્યમાં ક્રિયાનો કર્તા 'त्वम्' એ બીજો પુરુષ છે. ત્રીજા વાક્યમાં ક્રિયાનો કર્તા 'नृपः' ત્રીજો પુરુષ છે. પુરુષ પ્રમાણે ક્રિયાપદનું રૂપ બદલાય છે. ખરું ને ! એ તમે સમજ્યા હશો. ઉપરનાં ત્રણેય વાક્યો એકવચનનાં છે.

પુરુષ અને વચન :

ગુજરાતીમાં ત્રણ પુરુષ છે. (પહેલો, બીજો અને ત્રીજો) સંસ્કૃતમાં તેને ઉત્તમ, મધ્યમ, અન્ય પુરુષ કહે છે. ગુજરાતીમાં વચન બે છે. એકવચન અને બહુવચન પણ સંસ્કૃતમાં વચનનાં ત્રણ રૂપો છે. એકવચન, દ્વિવચનઃ અને બહુવચન.

ધાતુના ગણ :

ક્રિયાપદના મૂળ રૂપને ધાતુ કહે છે.

દા.ત. नमामि, नमसि અને नमति એ ત્રણેય ક્રિયાપદોનું મૂળ રૂપ नम् છે. તે મૂળ રૂપને ધાતુ કહેવાય છે. ધાતુના મુખ્યત્વે બે પ્રકાર છે : પરસ્મૈપદી ધાતુ અને આત્મનેપદી ધાતુ. જે ધાતુઓને પરસ્મૈપદના પ્રત્યયો લાગે તે પરસ્મૈપદી ધાતુ અને જે ધાતુઓને આત્મનેપદના પ્રત્યયો લાગે તેને આત્મનેપદી ધાતુ કહેવાય છે.

સંસ્કૃત વ્યાકરણમાં ધાતુઓના ૧લો ગણ, ૨જો ગણ, ૩જો ગણ, ૪થો ગણ, ૫મો ગણ, ૬ઠ્ઠો ગણ, ૭મો ગણ, ૮મો ગણ, ૯મો ગણ, ૧૦મો ગણ એમ કુલ ૧૦ ગણ અથવા વર્ગ પાડવામાં આવ્યા છે. દરેક ગણનો ખાસ પ્રત્યય હોય છે. જેને વિકરણ પ્રત્યય કહે છે. તેનાથી જે-તે ગણના ધાતુ અન્ય ગણના ધાતુથી જુદા પાડી ઓળખી શકાય છે.

દા.ત., ૧લા ગણનો વિકરણ પ્રત્યય 'अ' છે, ૪થા ગણનો વિકરણ પ્રત્યય 'य' છે, ૬ઠ્ઠો ગણનો વિકરણ પ્રત્યય 'अ' છે, ૧૦મા ગણનો વિકરણ પ્રત્યય 'अय' છે.

પરસ્મૈપદી ધાતુઓનો આપણા પાઠ્યપુસ્તકમાં વિશેષરૂપે ઉપયોગ થયો છે. તેથી આપણે વર્તમાનકાળના પરસ્મૈપદી પ્રત્યયોના અભ્યાસથી શરૂઆત કરીએ.

વર્તમાનકાળ પરસ્મૈપદી પ્રત્યયો

	એકવચન	દ્વિવચન	બહુવચન
પહેલો પુરુષ (ઉત્તમ પુરુષ)	मि	वः	मः
બીજો પુરુષ (મધ્યમ પુરુષ)	सि	थः	थ
ત્રીજો પુરુષ (અન્ય પુરુષ)	ति	तः	अन्ति

ઉપર પ્રમાણેના પ્રત્યયો લગાડીને વર્તમાનકાળનાં રૂપો નીચે દર્શાવ્યા પ્રમાણે બને છે. તેને વાંચો અને પછી એ પ્રમાણે બીજાં રૂપો બનાવો.

ખાસ નોંધ : ધાતુનાં રૂપો કરતી વખતે ધાતુને સૌ પ્રથમ વિકરણ પ્રત્યય લગાડીને પછીથી કાળવાચક પ્રત્યય મૂકવામાં આવે છે.

नम् (પહેલો ગણ) નમવું, નમન કરવું

	એકવચન	દ્વિવચન	બહુવચન
પહેલો પુરુષ (ઉત્તમ પુરુષ)	नमामि	नमावः	नमामः
બીજો પુરુષ (મધ્યમ પુરુષ)	नमसि	नमथः	नमथ
ત્રીજો પુરુષ (અન્ય પુરુષ)	नमति	नमतः	नमन्ति

ઉપર પ્રમાણે બીજાં રૂપો બનાવો.

पठ् (વાંચવું) चल् (ચાલવું)

	એકવચન	દ્વિવચન	બહુવચન
ઉત્તમ પુરુષ			
મધ્યમ પુરુષ			
અન્ય પુરુષ			

પરસ્મૈપદી ધાતુઓ (પહેલો ગણ)

हस् (हसति) હસવું

धाव् (धावति) દોડવું

खेल् (खेलति) રમવું

भ्रम् (भ्रमति) ફરવું, ભમવું

खाद् (खादति) ખાવું

पा (पिब्-पिबति) પીવું

वह् (वहति) વહન કરવું

गम् (गच्छ्-गच्छति) જવું

नी (नयति) લઈ જવું

दृश् (पश्य्-पश्यति) જોવું

वस् (वसति) વસવું, રહેવું

स्था (तिष्ठ्-तिष्ठति) ઊભા રહેવું

હવે ચોથા ગણના नृत् ધાતુનાં વર્તમાન કાળનાં રૂપોનો પરિચય મેળવીએ.

नृत् (ચોથો ગણ) નાચવું, નૃત્ય કરવું

	એકવચન	દ્વિવચન	બહુવચન
ઉત્તમ પુરુષ	नृत्यामि	नृत्यावः	नृत्यामः
મધ્યમ પુરુષ	नृत्यसि	नृत्यथः	नृत्यथ
અન્ય પુરુષ	नृत्यति	नृत्यतः	नृत्यन्ति

ચાલો, આ સમજ્યા પછી હવે આપણે જાતે બીજાં રૂપો બનાવીએ.

कुप् (ગુસ્સે થવું) तुष् (સંતોષ પામવો)

	એકવચન	દ્વિવચન	બહુવચન
પહેલો પુરુષ			
બીજો પુરુષ			
ત્રીજો પુરુષ			

પરસ્મૈપદના ૪થા ગણના ધાતુઓનાં રૂપો

क्षुभ् ખળભળવું, ક્ષોભ પામવો (क्षुभ्यति)

मुह् મોહ પામવો (मुह्यति)

शम् શાંત થવું (शाम्यति)

श्रम् થાકવું (श्राम्यति)

તમે પહેલા અને ચોથા ગણના ધાતુઓનાં વર્તમાન કાળનાં રૂપોનો પરિચય તો મેળવી જ ચૂક્યા છો તો ચાલો હવે આપણે ૬ઠ્ઠા ગણનો પરિચય મેળવીએ. ૬ઠ્ઠા ગણનો વિકરણ પ્રત્યય 'अ' છે પ્રથમ ગણનો વિકરણ પ્રત્યય પણ 'अ' છે. ફરક માત્ર એટલો જ છે, કે પહેલા ગણના કેટલાક ધાતુઓમાં વિકરણ પ્રત્યય ઉમેરતાં ધાતુઓમાં ફેરફાર થાય છે. જ્યારે ૬ઠ્ઠા ગણના ધાતુઓમાં વિકરણ ઉમેરતાં કોઈ ફેરફાર થતો નથી, જે યાદ રાખવા જેવું છે.

૬ઠ્ઠો ગણ પરસ્મૈપદ लिख्

	એકવચન	દ્વિવચન	બહુવચન
પહેલો પુરુષ	लिखामि	लिखावः	लिखामः
બીજો પુરુષ	लिखसि	लिखथः	लिखथ
ત્રીજો પુરુષ	लिखति	लिखतः	लिखन्ति

ઉપર પ્રમાણે સ્વપ્રયત્ને બીજાં રૂપો બનાવવા પ્રયત્ન કરો.

प्रच्छ् - पृच्छ् પૂછવું पृच्छति પૂછે છે. स्पृश् સ્પર્શ કરવો (स्पृशति)

	એકવચન	દ્વિવચન	બહુવચન
પહેલો પુરુષ			
બીજો પુરુષ			
ત્રીજો પુરુષ			

ઉપર પ્રમાણે इष् – इच्छ् – ઈચ્છવું, कृष् – ખેડવું, क्षिप् - ફેંકવું આ ધાતુઓનાં રૂપો બનાવો.

૧૦મો ગણ પરસ્મૈપદ :

૧૦મા ગણનો વિકરણ પ્રત્યય 'अय' છે.

कथ् + अय = कथय તેને વર્તમાનકાળના પરસ્મૈપદી પ્રત્યયો ઉમેરીને રૂપો થાય.

તો ચાલો, ૧૦મા ગણના कथ् ધાતુનાં પરસ્મૈપદ વર્તમાનકાળનાં રૂપો જોઈએ.

कथ् (દસમો ગણ) કહેવું

	એકવચન	દ્વિવચન	બહુવચન
પહેલો પુરુષ	कथयामि	कथयावः	कथयामः
બીજો પુરુષ	कथयसि	कथयथः	कथयथ
ત્રીજો પુરુષ	कथयति	कथयतः	कथयन्ति

ઉપર પ્રમાણે સ્વપ્રયત્ને બીજા કેટલાક ૧૦મા ગણના પરસ્મૈપદી ધાતુઓનાં વર્તમાનકાળનાં રૂપો બનાવવા પ્રયત્ન કરીએ.

पीड् પીડવું रच् રચવું

	એકવચન	દ્વિવચન	બહુવચન
પહેલો પુરુષ			
બીજો પુરુષ			
ત્રીજો પુરુષ			

સંસ્કૃત ભાષામાં પરસ્મૈપદ ઉપરાંત આત્મનેપદી ધાતુઓ છે. પરંતુ આ તબક્કે આટલો અભ્યાસ પર્યાપ્ત છે.